ગાંધીનગર સમાચાર

કુપોષણથી પિડાતુ બાળપણ બિમારીની ઝપટમાં




હેપ્પી ન્યુ યર - ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત અર્ક વ્યાખ્યાનમાળામાં 'હેપ્પી ન્યુ યર' વિષય પર પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામીનું અદભૂત વ્યાખ્યાન આપતા શ્રોતાઓ મંત્રમુગ્ધ થયા હતા... રસપ્રદ અને માહિતીપ્રદ અસ્ખલિત વાણીમાં જીવનના સંદેશને અસરકારક રીતે પૂજ્ય સ્વામીએ પ્રસ્તુત કરતા શ્રોતાઓને જીવનનો અર્ક સમજાવ્યો હતો... પથિકાશ્રમ પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલ વ્યાખ્યાનમાં શહેરના રાજકીય અગ્રણીઓ, અધિકારીઓ- પદાધિકારીઓ, સંસ્થાના સભ્યો તથા હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા....

# કુપોષણથી પિડાતુ બાળપણ બિમારીની ઝપટમાં

## જિલ્લા શાળા આરોગ્ય ચકાસણીમાં ૩૮ બાળકોને હૃદયની તો પાંચ બાળકોને કિડનીની તકલીફ જણાઈ, આંખ, દાંત, પેટ અને ચામડીના રોગથી પિડાતા બાળકોની સંખ્યા પણ વધુ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકો કુપોષણ ઉપરાંત દાંત, આંખ, પેટ, ચામડી તેમજ શ્વસનતંત્રના રોગથી પિડાતા જોવા મળ્યા છે.

જિલ્લામાં શાળા-આરોગ્ય ચકાસણીના ત્રણ સપ્તાહમાં જ ૩૮ જેટલા બાળકોને હૃદયની બિમારી, પાંચ બાળકોને કિડની તો ૧ બાળકને કેન્સરની બિમારી જોવા મળી છે. આ ઉપરાંત ૪૫૦થી વધુ બાળકો વિવિધ રોગની ઝપટમાં પિડાતા હોવાનું પણ સામે આવતાં આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે.

મળેલા તારણો મુજબ જિલ્લામાં ૩૫૦૦થી વધુ બાળકો પાંડુરોગથી, ૧ હજાર જેટલા બાળકો આંત્રકૃમિના રોગથી પિડાઈ રહ્યા છે. તો ૧૪૦૦થી વધુ બાળકોને દાંતની ખામી અથવા તો દાંતના વિવિધ રોગથી પિડાતા જણાયા છે.

૫૫૦ જેટલા બાળકો આંખની બિમારીથી ૨૦૦ જેટલા બાળકોને પેટની તકલીફ હોવાનું આ ચકાસણી દરમ્યાન જણાઈ આવેલ છે. જિલ્લામાં ૫૦૦થી વધુ બાળકોને ચામડીની નાની મોટી બિમારી જોવા મળી છે.

જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન ૩૫ જેટલા બાળકો તમાકુના બંધાણી હોવાનું જણાયુ છે. તો ૪૫૦ જેટલા બાળકોને શ્વસનતંત્રનો રોગ હોવાનું જણાયુ છે જેથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

જિલ્લામાં ત્રણ સપ્તાહ દરમ્યાન ૩૮ બાળકોને હૃદયની બિમારી ઉપરાંત પાંચ બાળકોને

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપની ચિંતન શિબિરમાં ચૂંટણી રણનીતિ

## અમિત શાહ, વિજય રૂપાણી, પુરુષોત્તમ રૂપાલાની ઉપસ્થિતિમાં વ્યુહરચના ઘડાઈ

અમદાવાદ, તા. ૧૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે ભાજપે તેના ગઢ ગુજરાત ઉપર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી દીધું છે. તૈયારીના ભાગરુપે જ ભાજપની બે દિવસીય ચિંતન શિબિર આજથી શરૂ થઈ હતી જેમાં પક્ષ પ્રમુખ અમિત શાહ પણ આજે ઉપસ્થિત રહ્યા હતા. ચિંતન શિબિરમાં વિધાનસભા ચૂંટણી માટેની વ્યૂહરચના ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ચિંતન શિબિર સાણંદ નજીક લકઝરી ક્લબમાં યોજવામાં આવી રહી છે. શિબિરમાં ભાગ લેવાના હેતુસર અમિત શાહ શનિવારે સાંજે જ અમદાવાદ પહોંચી ગયા હતા.

આજે શરૂ થયેલી ચિંતન શિબિરમાં પુરુષોત્તમ રૂપાલા, વિજય રૂપાણી, અમિત શાહ અને જીતુ વાઘાણીએ હાજરી આપી હતી. અમિત શાહના માર્ગદર્શન હેઠળ પ્રદેશ ભાજપની બે દિવસીય ચિંતન બેઠક શરૂ થઈ છે. આ બેઠકમાં વૈચારિક વિષયો, બુથ સમિતિઓને મજબૂત કરવા, ડિજિટલ પેમેન્ટ અંગે જનજાગૃતિ સહિતના મુદ્દા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

બે દિવસની બેઠકમાં નોટબંધીના કારણે રાજ્યમાં લોકોની પ્રતિક્રિયા શું છે તે મુદ્દો પણ છવાયો હતો. ભાજપના રાજ્ય પ્રવક્તા ભરત પંડ્યાએ માહિતી આપતા કહ્યું છે કે, અમિત શાહે હાજરી આપવા માટે પહેલાથી જ સ્પષ્ટતા કરી દીધી હતી. કેન્દ્ર અને રાજ્ય સરકારની સ્કીમોને પ્રોત્સાહન આપવા જેવા મુદ્દા ઉપર પણ ચર્ચા થઈ હતી. જીઓઆઈની ડિજિટલ પેમેન્ટ સ્કીમને પ્રોત્સાહન આપવા, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જન્મશતાબ્દીની ઉજવણીની યોજના, વર્ષ ૨૦૧૭ની ઘટનાઓના મુદ્દે પણ વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

# જિલ્લાની ૧૦ ગ્રામ પંચાયત સતત ચોથીવાર સમરસ બની

## સમરસ બનેલ પંચાયતની સંખ્યામાં ૧નો ઘટાડો ૪ પંચાયતો બીજીવાર સમરસ બની ઉભરી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં સમરસ પંચાયતની સંખ્યા જે ૧૯ની હતી તેમાં ૧નો ઘટાડો થયો છે. ૧૦ પંચાયતો ચોથી વાર સમરસ બની છે.

જિલ્લામાં પંચાયતોની ચૂંટણીમાં ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા પછી સ્પષ્ટ થયેલ ચિત્રમાં ૧ ગ્રામ પંચાયત સમરસ પંચાયત જાહેર થઈ હતી, પરંતુ આ પછી કેટલાક વિવાદોને લઈ તે પંચાયતને હાલ સમરસ જાહેર ન કરાઈ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાની ૧૮ પંચાયતો સમરસ થઈ છે જેમાં ૧૦ પંચાયતો ચોથી વાર સમરસ થવા પામી છે. ૬ પંચાયતો એવી છે જેમાં મહિલા સરપંચ છે. જે ગ્રામ પંચાયતો સમરસ થઈ છે તેની કુલ વસ્તી ૧૯૦૫૪ જેટલી થાય છે. આ ગામોને સમરસ જાહેર કરી સરકારના અનુદાન માટે હવે પછી દરખાસ્ત કરવામાં આવશે.

જે ૧૦ પંચાયતો ચાર વાર સમરસ બની છે તેમાં ગાંધીનગરની રણાસણ, માણસા તાલુકાની મોતીપુરા, આનંદપુરા, ફતેપુરા, ભીમપુરા, હિંમતપુરા અને મકાખાડ તેમજ દહેગામ તાલુકાની વેલપુરા, જેસા ચાંદાના મુવાડા, શીયાપુરા ગામનો સમાવેશ થાય છે.

૪ પંચાયતો બીજીવાર સમરસ થઈ છે તેમાં ગાંધીનગરની રાયસણ પંચાયત ઉપરાંત માણસાની રાજપુરા, દહેગામની બદપુર અને ઝાલાના મુવાડાનો સમાવેશ થાય છે.

દહેગામ તાલુકાની રામનગર પંચાયત ત્રીજીવાર સમરસ થઈ છે. જ્યારે ત્રણ પંચાયત પહેલીવાર સમરસ થઈ છે. તેમાં કલોલ તાલુકાની ગણપતપુરા, માણસાની ઉમીયાનગર અને રામપુરાનો સમાવેશ થાય છે.

જિલ્લામાં ૧૦ પંચાયતોમાં છેલ્લા ૨૦ વર્ષથી પંચાયતની ચૂંટણીને લઈ કોઈ જ વિવાદ થયો નથી.

# ફીક્સ પગાર સહીતના મુદ્દે ૧લી જાન્યુઆરી ગાંધીનગરમાં જનઆક્રોશ મહાસંમેલન મળશે

ગાંધીનગર, તા. ૧૮

ફીક્સ પગાર સહિતના મુદ્દાઓને લઈને જન અધિકાર મંચ દ્વારા આગામી ૧લી જાન્યુઆરીના રોજ ગાંધીનગર ખાતે જન આક્રોશ મહાસંમેલન યોજવાની જાહેરાત કરી છે.

ફિક્સ પગાર ધારકો માટે લડત લડી રહેલા જન અધિકાર મંચના રામ પ્રવીણે જણાવ્યું હતું કે ફિક્સ પગાર, આશા બહેનોનું શોષણ, કોન્ટ્રાક્ટર પ્રથા, આઉટ સોર્સિંગ પ્રથા, યુવા બેરોજગારી, માનદ વેતન, લઘુત્તમ વેતન, સફાઈ કર્મચારી અને આંગણવાડી બહેનોનું શોષણ, ભ્રષ્ટાચાર, મોંઘવારી અને શિક્ષણનું વ્યાપારીકરણ જેવા યુવાનો અને મહિલાઓના શોષણને લઈને જન અધિકાર મંચ દ્વારા છેલ્લા ૨ વર્ષથી રસ્તા પરની લડત અને કાયદાકીય લડત ચલાવવામાં આવી રહી છે. ત્યારે તાજેતરમાં સુપ્રિમકોર્ટ દ્વારા ફિક્સ પે બાબતે રાજ્ય સરકારની આકરી ઝાટકણી કાઢતા રાજ્ય સરકારને નાદાર જાહેર કરવાની ટકોર પણ કરી હતી.

તેવામાં જન અધિકાર મંચ દ્વારા આ તમામ મુદ્દાઓને લઈ ૧ જાન્યુઆરીના રોજ ગાંધીનગર ખાતે જન આક્રોશ મહા સંમેલન યોજવાની જાહેરાત કરી સરકારની ચિંતામાં વધારો કર્યો છે.

### બેસણું



શુશીલાબેન ત્રિવેદી સ્વ.અનંતરાય ત્રિવેદી (નિવૃત્ત નાયબ સચિવ ગુ.વિ.સભા) ના ધર્મપત્ની તેમજ અમારા માતૃશ્રી નું તા.૧૭-૧૨-૧૬ ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૧૯-૧૨-૧૬ને સોમવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ :- વરિયા પ્રજાપતિ વાડી, વસંતકુવરબા સ્કૂલની સામે, સેક્ટર-૨૮, ગાંધીનગર**

લિ.
રોબિન એ. ત્રિવેદી (રીટાયર્ડ મેનેજર ધી ન્યુ ઈન્ડિયા એસ્યોરન્સ કંપની)
ગિરીશ એ. ત્રિવેદી (પ્રેસિડેન્ટ અમદાવાદ સીટી કોંગ્રેસ વિચાર)
કેની એ. ત્રિવેદી

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

આજના સુરમ્ય પ્રભાતે શરૂ થતું નવુ વર્ષ આપને તથા આપના સ્વજનોને લાભદાયી તથા યશદાયી નિવડો એજ નવલી અભ્યર્થના... ગત વર્ષમાં આપેલા સહકાર બદલ આભાર.. નૂતન વર્ષમાં સહકારની અપેક્ષા સહ...
નૂતન વર્ષાભિનંદન
અંબાજી માર્બલ કવોરી એન્ડ ફેકટરી એસોસિએશન
ઉપપ્રમુખ
શ્રી વિજયભાઇ જે. ત્રિવેદી મો. ૯૮૨૪૦ ૨૨૪૮૪
શ્રી જીજ્ઞેશભાઇ ડી. ત્રિવેદી મો. ૯૪૨૬૩ ૦૮૦૫૦
પ્રમુખ
શ્રી દિપકભાઇ વી. પટેલ મો. ૯૯૭૯૮૫૮૧૧૪
સેક્રેટરી
શ્રી મનમોહનભાઇ દિક્ષીત મો. ૯૮૨૫૦૬૦૧૦૦
ખજાનચી
શ્રી જીતુભાઇ પટેલ મો. ૯૪૨૬૦ ૬૬૦૧૯
શ્રી જયેશભાઇ પટેલ
તેમજ કારોબારી સભ્યશ્રીઓ અને એસોસિએશનના તમામ સદસ્યશ્રીઓ
ડી.કે.ત્રિવેદી એન્ડ સન્સ કમ્પાઉન્ડ, કુંભારીયા રોડ, અંબાજી - ૩૮૫૧૧૦ જિ.બનાસકાંઠા (ગુજરાત)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com